**રે.દિ.મુ.નં.૩૪/ ૨૦૧૪**

**<u>આંક–૮૯ ની અરજી લગત હુકમ</u>**

(૧) વાદીની આંક–૮૯ ની અરજી હકીકત લગત સોગંદનામું સાથે પ્રતિવાદી તરફેના વાંધા વંચાણે અને ધ્યાને લીધા. સાંભળ્યા.

(૨) વાદીએ આ અરજી સી.પી.સી. ઓર્ડર–૨૩, રૂલ–૧ (૩) નીચે દાવોશરતી પાછો ખેંચવાની પરવાનગી દાદ સાથે રજુ રાખેલ છે.

(૩) વાદીના વિ.એડ.શ્રીએ અરજી હકીકતને વિસ્તૃત વાંચી વંચાવીને અરજીદાદ મંજુર કરવા અરજ કરેલ છેઅને તેમની અરજીના સમર્થનમાં આંક – ૯૨થી લેખિત દલીલો અને તેના સમર્થનમાં વડી અદાલતના ચુકાદો રજૂ કરેલ છે જે સવિસ્તૃત વંચાણે અને ધ્યાને લીધા.

(૪) જયારે પ્રતિવાદીઓ તરફે વિ.એડ.શ્રીએ અરજી લગતના શેરાને વાંચી અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે અને અરજીનો વિરોદ્ધ કરતા મૌખિક દલીલો કરેલ છે જે ધ્યાને લીધીઈ

(૫) સંબંધીત પક્ષકારોની અરજી સંબંધેની ઉપરોકત સઘળી રજુઆત તેમજ અરજી લગતના શેરાને દાવાના સ્વરૂપ સાથે વાંચતા અને તપાસતા તેમજ અરજીના પેરા–૬માં નામદાર મુંબઈ હાઈકોર્ટના રામારાવ ભગવંતરાવ ઈનામ દાર વિરુધ્ધ બાબુ અપન્નાના એ.આઈ.આર. ૧૯૪૦ બોમ્બે ૧૨૧ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરવામા આવેલ સિધ્ધાંતોને અરસ–પરસ વાંચતા અને તપાસતા કોર્ટનુ માનવુ છે કે, આપણા હાથ ઉપરના કેસમાં પક્ષકારો વચ્ચેનો દાવો એ પાર્ટીશન સ્યુટના સ્વરૂપનો દાવો છે અને આજ પક્ષકારો વચ્ચે અરજી પેરા–૩ મુજબ અગાઉ આર.સી.એસ.નં.૩૪/૧૯૫૯ અને તેની અપીલ ૩૦૬/૧૯૬૦

થી નિર્ણીત થયેલ છે. જેમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે ત્યારે તેવા સમાધાનમાં કેટલાક પક્ષકારોને કેસના રેકર્ડ પર લાવવામા આવેલ નથી અને રસ ધરાવતા પક્ષકારોએ આ કેસમાં અને અપીલમાં સમાધાન રજુ કરી દીધેલ છે. જે હકીકત વાદીના ધ્યાનમાં હાલમા આવેલ છે. તેમજ ગામ સોસક ના બ્લોક નં.૬૭૮(અ)અનેબ્લોક નં.૬૭૮(૯)નોકબજોવાદીનાકથનમુજબ ત્રાહીત વ્યકિતના હાથમા છે ત્યારે તેવા કિસ્સામાં દાવાનુ સ્વરૂપ હાલના દાવાના સ્વરૂપથી અલગ રહેવા પામે છે અને આ સંદર્ભે લીમીટેશન એકટની જોગવાઈઓ મુજબ દાવાનુ કારણ કોઈ હકીકત કે બનાવ ધ્યાનમાં આવ્યાની તારીખથી કે સાલથી ઉત્પન્ન થતુ હોવાનું માની કે વાંચી શકાય.

(૬) આથી પ્રસ્તુત દાવો તે પાર્ટીશન સ્વરૂપ છે ત્યારે આ જ દાવાના કારણ ઉપર વાદીને નવો દાવો લાવવાને પરવાનગી આપતો હુકમ આપવામા આવે તો વાદી નવો દાવો નવા દાવાના કારણ ઉપર અને નવી દાદ સાથે લાવતા હોવાનુ માની કે વાંચી શકાય નહી. સબબ, આથી વાદી આ જ દાવાના કારણથી માત્ર સામાન્ય ક્ષતિ સુધારણા અન્ય દાવો લાવવાની પરવાનગી સાથે સદરહુ અરજી મંજુર કરવામા આવે તો પ્રતિવાદીઓને કોઈ ન્યાયીક ઈજા થતી હોવાનુ માની કે વાંચી શકાય નહી. સબબ, પ્રતિવાદી ઓ તરફે અરજી લગત કરવામા આવેલ વાંધાને સદર ચર્ચા અને કારણોથી નકારી આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧.. વાદીની આંક–૮૯ ની અરજી આ જ દાવાના કારણ સાથે ફરી નવો દાવો લાવવા પરવાનગી આપી ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

૨.. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) વાદીના નામનો ધારાસર કોર્ટ ફી રીફંડ ઈશ્યુ કરવું.

હુકમ આજરોજ તા. ૭ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી

અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૧૨/૨૦૧૯.
ઓલપાડ.

(ભગવાનદાસ ઈશ્વરલાલ તારાણી)
બીજા એડી. સીવીલ જજ અને
જયુ. મેજી. ફ. ક., ઓલપાડ.
*Code No. GJ01191*